સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

સ્વભાવની ગૂંચે - હૃદયે - અંતર પડતું જાય છે!
ખૂટે છે ધૈર્ય, વર્તનમાં - અંતર બળતું જાય છે!
નડતું જાય છે સ્વાર્થનું ભૂત ધૂણાવે લાગણીને -
તિરાડો પડે પરિવારે અંતર રડતું જાય છે...

હાઈકુ

સહન શક્તિ -
ખૂટે ત્યાગ ભાવના -
પ્રકટે હોળી...

હસતો ચ્હેરો -
વિવેક નમ્રતાથી -
સિંચાય સ્નેહ...

ચિંતન

સ્વયં કર્મ કરોત્યાત્મા સ્વયં તત્ફલમશ્નુતે ।
સ્વયં ભ્રમતિ સંસારે સ્વયં તસ્માદ્વિમુચ્યતે ॥

ઉપરોક્ત શ્લોક ચાણક્યમેટમાંથી લેવામાં આવેલ છે.

વ્યક્તિ પોતે જ કર્મ કરે છે અને તેનું ફળ તેણે પોતે જ ભોગવવું પડે છે. તે પોતે જ જુદી જુદી યોનિઓમાં જન્મ લઈને સંસારમાં ભ્રમણ કરે છે અને પોતાના પુરુષાર્થથી સંસારના બંધનો તથા જન્મ-મરણના ચક્રમાંથી છૂટીને મોક્ષ મેળવે છે.

તમારી પાસે જે કંઈ છે એ તમારામાં જ કર્મોનું ફળ છે. એને માટે બીજાને દોષ ન દો. ખૂબ ઊંડુ વિચારો. તમારા વર્તમાનનાં મૂળમાં તમારો ભૂતકાળ જ હશે. તમે જયાં છો ત્યાં કેમ છો? શા માટે છો?

આ શોધવા તમે ભૂતકાળમાં જાઓ. તમને બધા જ પ્રશ્નોના ઉત્તર મળી જશે. જો સૂક્ષ્મ નિરીક્ષણ કરશો તો 'કલ ભલા, હોગા ભલા.'

સુવિચાર

- આ... રાત કી છાંવ મેં ધૂપ કે છાલે સુખા લેં...
  કલ ફિર દૌડના હૈ નંગે પાવ, જિંદગી કી જમીન પર - **ગુલઝાર**
- વરસાદમાં મકોડા આપણને એ શીખવે છે કે જેને પાંખો આવી જાય છે,
  એ લોકો થોડા દિવસના મહેમાન હોય છે - **ધર્મલોક**
- ભય એક કર છે, જે અંતઃકરણ અપરાધને આપે છે - **સંત રોબિન**
- તકરાર કરીને ભવિષ્ય ભગાડશો નહીં - **એસ. ભટ્ટાચાર્ય**
- શિક્ષિત લોકો પરિસ્થિતિ પ્રમાણે બદલાઈ શકે છે,
  પણ અનુભવી લોકો પોતાના પ્રમાણે પરિસ્થિતિ બદલી શકે છે - **ભગવાન દાસ**
- સાદી અને સરળ યોગની વ્યાખ્યા !!! પ્રેમ, શાંતિ, ખુશીનો શ્વાસ અંદર...!
  નફરત, ગુસ્સો અને ઈર્ષાનો શ્વાસ બાહર - **ઈશિતા**
- આજનું ઔષધ : અલ્સરેટીવ કોલાઈટીસ અને હોજરીમાં ચાંદાના રોગીઓએ પાંચ દિવસ સુધી અન્ન ત્યાગી માત્ર હાકુસ, કેસર જેવી પાકી કેરી ખાવાથી રાહત થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

જેણે સાચું જીવન પ્રાપ્ત કરવું હોય તેણે જીવનની સત્યતાને જાણવી પડે અને સમજવી પડે. જીવનની સત્તા એક સ્વપ્નથી અધિક નથી. એક રાજાએ એક ફકીરને જેલમાં પૂર્યો. ફકીરે કહેલી કેટલીક સાચી હકીકત રાજાને અપ્રિય હતી. ફકીરના મિત્રે જેલમાં જઈ ફકીરને કહ્યું, આ નક્કામી મુસીબત શા માટે વહોરી લીધી? ચૂપચાપ જીવ્યે જવું હતું. એમાં તમારું શું બગડી જવાનું હતું??' ફકીરે કહ્યું, 'હવે મારાથી સત્ય જ બોલાય છે. આ સત્યનો તો વિચાર જ નથી આવતો. જયારથી જીવનમાં પરમાત્માનો આભાસ થયો ત્યારથી સત્ય સિવાય કોઈ વિકલ્પ જ રહ્યો નથી. અને આ કેદ તો માત્ર ઘડીભરની જ છે.' જેલના સિપાઈ થકી ફકીરની વાતો રાજાના કાને પહોંચી. રાજાએ કહ્યું, 'એ પાગલ ફકીર ને કહી દેજો કે કેદ ઘડીભરની નહીં પણ જીવનભરની છે.' ફકીરે જયારે રાજાનો સંદેશો સાંભળ્યો ત્યારે તે હસવા લાગ્યો અને બોલ્યો. 'આદરણીય રાજાને કહેજો કે ફકીરે પૂછ્યું છે કે શું જિંદગી ઘડીભરથી વધારે સમયની છે?' ફકીર જેવા ઘણા લોકો છે જેઓ સત્ય પ્રત્યે જાગૃત રહે છે, તેઓ જેનો અંત ના હોય એવા જીવનને પ્રાપ્ત કરવાનો પ્રારંભ કરે છે.

પશ્ચિમ બંગાળમાં રાષ્ટ્રપતિ શાસનના ભણકારા

તંત્રીસ્થાનેથી...

પશ્ચિમ બંગાળની ચૂંટણીનો પગરવ સંભળાઈ રહ્યો છે અને બિહારમાં લક્ષ્ય સિદ્ધ કર્યા પછી ભારતીય જનતા પાર્ટીનું સીધું નિશાન હવે બંગાળમાં કેસરિયા કરવાનું છે. જો કે બિહારમાં અને બંગાળમાં નેતૃત્વની રૂએ આસમાન જમીનનું અંતર છે. બિહારના મુખ્યમંત્રી નીતીશકુમારે સમય પારખીને પોતાનું સ્વમાન અને અભિમાન મોદીના ચરણે ધરી દઈ સમાધાન કરી દીધું જેનો એમને યોગ્ય બદલો પણ મળી ગયો છે. ભાજપે વધુ બેઠકો જીતીને નીતીશકુમારને આપેલ વચન પાળી બતાવ્યું છે. બંગાળના રાજકારણમાં દીદીનો દબદબો જોઈ લોકસભામાં ૨૦૧૪ની ચૂંટણીના પ્રચાર વખતે તથા એ પછીના સમયગાળા દરમિયાન પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદી મમતા બેનરજીની ટીકા નહોતા કરતા, બલકે બંગાળની પ્રજાને સારું લગાડતા પ્રણવબાબુ અને મમતા દીદી ઉપરાંત હવે હું પણ ચિત્રમાં છું - અમે ત્રણ જણ બંગાળને દેશનું સર્વોત્તમ અને સમૃદ્ધ રાજય બનાવીને જંપીશું. એવાં સ્વસ્તિ વચનો ઉચ્ચારતા રહેતા હતા. મોદી લાખ પ્રયત્નો છતાં મમતા બેનરજીના નકારાત્મક અને આક્રમક વલણમાં ફરક ન પડ્યો. એ ધરાર ભાજપ વિરોધી નેતા તરીકે ઊપસતાં રહ્યા અને બાંગ્લાદેશી ઘૂસણખોરોના મુદ્દે ભાજપ તથા કેન્દ્ર સરકાર દ્વારા હાથ ધરાયેલ ઝુંબેશ, નાગરિકતા કાયદો વગેરેનો ખુલ્લો વિરોધ કરતા રહ્યાં. શારદા ચીટ ફંડથી લઈ અનેક બાબતોમાં પસ્તાળ પડવા છતાં બંગાળની ગરીબ પ્રજા મમતાના ગુંડારાજના ડરથી દીદીના પડખે રહી અને ગતવિધાન સભાની ચૂંટણીમાં ફરીવાર એ મુખ્યમંત્રી પદ સાચવી શક્યા. એ પછીની ગત લોકસભાની ચંટણીમાં ભાજપે એમના ગઢમાં જરૂર કેટલાક કાંગરા ખેરવ્યા છે અને દીદીના અનેક વફાદાર સાથીઓ ભાજપમાં પ્રવેશ અપાવી અનેક નક્કર મોરચો ઊભો કર્યો છે. નેનો કાર પ્રોજેક્ટ માટે બંગાળની જમીન મેળવવાના રતન ટાટાના પ્રયાસો પણ પાણી ફેરવી દીધા પછી મમતા દીદીની છાપ ગરીબોનાં મસીહા તરીકે ઊભી કરાઈ હતી. પરંતુ એમની પાર્ટીના કાર્યકરો સત્તાનો ગેરલાભ લઈ રહ્યા હોવાની અને ગુંડાગીરી કરતા હોવાની ઘટનાઓ પણ ખૂબ વધારે બની રહી છે. ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ પર હુમલા થયા છે અને ૧૩૦ થી વધારે લોકોની હત્યા કરાઈ છે. આથી પશ્ચિમ બંગાળમાં વારંવાર રાષ્ટ્રપતિ શાસન નાખવાની રજૂઆત થતી રહી છે. છેલ્લે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે પી નડ્ડાના કાફલા પર મમતાના સમર્થકો દ્વારા પથ્થરમારો થયો એથી માહોલ ગરમાયો છે. ગૃહમંત્રી અમિત શાહ પશ્ચિમ બંગાળનો મોરચો સંભાળતા હોઈ આ મામલે એમણે રાજયના મુખ્ય સચિવ અને ડીજીપીને દિલ્હી બોલાવ્યા હતા પરંતુ મમતા બેનરજીએ એ ઉચ્ચ અધિકારીઓને જવા દીધા નથી. મુખ્ય સચિવે કેન્દ્રના ગૃહસચિવને જાણ કરી છે કે પોતે રાજય સરકારનો આદેશ માનવા બંધાયેલા છે અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અંગે ચર્ચા કરવા અમે તા. ૧૪ ડિસેમ્બરના દિવસે મીટિંગ રાખી છે. રાજયપાલ ધનખડ વારંવાર મુખ્યમંત્રી સાથે સીધા સંઘર્ષમાં ઊતરતા રહ્યા છે. નડ્ડાના કાફલા પર થયેલ મમતા સમર્થિત હિંસક હુમલાની એમણે ગંભીર નોંધ લીધી છે. પત્રકાર પરિષદ બોલાવીને એમણે રાજયમાં માત્ર શાસક પાર્ટીના માણસો જ સુરક્ષિત હોવાની વાત કરી છે. મમતા બેનરજી 'બહારનાં તત્ત્વો' કહી બધાની વિરુદ્ધ બળાપો કાઢતાં રહ્યાં છે અને બંગાળને બીજું ગુજરાત કે ઉત્તરપ્રદેશ નહીં બનવા દે એવો સંકલ્પ વ્યક્ત કરતાં રહ્યાં છે. અમિત શાહ અને નરેન્દ્ર મોદી વિશે પણ એમણે વારંવાર આક્રોશ વ્યક્ત કર્યો છે. નડ્ડા પર થયેલ હુમલો ખુદ ભાજપનું જ કારસ્તાન હોવાનો આક્ષેપ કરીને નડ્ડા-ફડ્ડા-ભડ્ડા આંતરે દિવસે આવીને અહીંનું વાતાવરણ ડહોળી જાય છે એવો કટાક્ષ પણ કર્યો છે. આથી રાજયપાલે રાજયમાં વણસેલી કુશાસનની પરિસ્થિતિથી કેન્દ્ર સરકારને વાકેફ કરી છે. આથી દેખીતી રીતે તો એમ જ લાગે કે કેન્દ્ર પશ્ચિમ બંગાળમાં કોઈ પણ ક્ષણે રાષ્ટ્રપતિ શાસન નાખી શકે છે. જો કે એથી મમતાના કુશાસન તરફ પ્રજામાં સહાનુભૂતિનું મોજું પણ ઊભી થઈ શકે છે. તેમ છતાં, આગામી વિધાનસભાની ચૂંટણી પૂર્વે મમતા સરકારનું કોઈ પણ રીતે ઉઠમણું કરવા મુદ્દે પદ્ધતિસરનું આયોજન ગોઠવાઈ રહ્યું છે અને એની જાહેરાત કદાચ અમિત શાહના આગામી પ્રવાસ દરમિયાન જ થઈ શકે છે.

શિક્ષણનો સૂરજ ઉજળો છતાંય ધૂંધળો ભાસશે!

આરપાર
રાઘવજી માધડ

છેલ્લે ચર્ચાનો મુદ્દો ત્યાં આવી ને ઉભો રહ્યો હતો,કોરોના કાળમાં સૌ વધારે અસર થઇ હોય તો તે શિક્ષણજગત છે.તેમાં ઉમેર્યું હતું:અને હજુ અસરગ્રસ્ત જ છે ! પણ આ વાત સાવ સાચી નથી.જેમ પહેર નારને પૂછવું પડે,જોડો પગમાં ક્યાં ડંખે છે ! ખાસ તો ધંધા-રોજગાર કોરોનાના પ્રભાવ તળે અભાવ ભોગવી રહ્યા છે.સવારે ઘરેથી નીકળેલો કોઈ શ્રમજીવી,મેલું માસ્ક પહેરી ખિસ્સામાં નિરાસા ભરી સાંજે કામ, વેતન વગર પાછો ફરે છે ત્યારે તેની પીડા, વ્યથા, મજબુરીને કોઈ મીટરમાં માપી શકાય એવી હોતી નથી.

પણ શિક્ષણને લાગેવળગે છે ત્યાં સુધી આજકાલ ઓનલાઈન કે ઓફલાઈન પરીક્ષાનો મુદ્દો ચર્ચાના ચગડોળે ચઢ્યો છે.વિદ્યાર્થીઓ ઓનલાઈન ભણ્યા છે,ભણે છે...એવું માનું લીધું છે.પણ જે વર્ગ એટલે કે ક્લાસ નહી,માસ આવા આભાસી શિક્ષણથી વંચિત રહ્યો છે,રહે છે તેની દરકાર લેવાનું પણ પરીક્ષા પહેલા કોઈને સૂઝવું જોઈએ.અને તેનું મૂલ્યાંકન થવું જોઈએ.પણ અહીં તો પરીક્ષા લેવાની છે જેથી પાસ, નાપાસ જાહેર કરી શકાય.વાલીઓ કહી કે સ્વીકારી શકે મારું સંતાન પાસ થઇ ગયું છે.હવે તે આગળના ક્લાસમાં જશે !ખરેખરતો વિદ્યાર્થી વરસ દરમ્યાન કેવું,કેટલું શીખ્યો,સમજ્યો તે અગત્યનું છે પરીક્ષામાં પાસ, નાપાસ થયો તે ગૌણ ગણાય.અને પાસ કરવાના હોયતો સામે ને સાથે નાપાસ કરવાના પણ હશે ને!? આ નાપાસ કરવા માટેના શું માપદંડ હોઈ શકે...એ પણ પરીક્ષા લેતા પૂર્વે વિચારવું ઘટે !

ખાસતો ઘણાં માસથી ઓનલાઈન શિક્ષણની બોલબાલા છે ત્યારે ગામડાઓના સાવ છેવાડા કે અંતરિયાળ વિસ્તારોમાં અમુક શિક્ષકો સ્વખર્ચે પોતાનું મોબાઈલવાન ઉભું કરી વિદ્યાર્થીઓને શિક્ષણ આપે છે તેનો ઉલ્લેખ કર્યા વગર રહી શકાય એવું નથી.મુવાડા,મહોલ્લા,વિસ્તારોમાં જઈ સંક્રમણની મર્યાદા જાળવીને વિદ્યાર્થીઓને સીધું શિક્ષણ આપે છે.તેમાં અમુક શિક્ષકોએતો પોતાની આગવી પદ્ધતિ અજમાવી, ઈનોવેશન કર્યું છે.વળી કોઈ જાતની સસ્તી કે પસ્તી થઈ જતી પ્રસિદ્ધિમાં પડ્યા વગર આત્માના અવાજની કામ કરે છે.પ્રથમતો આવા કર્મયોગી શિક્ષકોને દિલથી સલામ અને વંદન કરવા રહ્યા.આ શિક્ષકો જે અદ્વિતીય શિક્ષણકાર્ય કરી રહ્યા છે,તેને કોઈ જાતની વહીવટી મુશ્કેલી ઉભી ન થાય તે તંત્રએ જોવું રહ્યું.બીજું કે,આજકાલ તંત્ર દ્વારા ઈનોવેશનની વાહ વાહ થઈ રહી છે ત્યારે આવા શિક્ષકોને પ્રોત્સાહિત કરી તે જે રીતે કાર્ય કરી રહ્યા છેતે કાર્યનો વ્યાપ વધારવામાં આવે તેનાથી મોટું ને સારું બીજું કયું ઈનોવેશન હોય શકે? આવા કપરાકાળમાં જીવ રેડી તન-મન-ધનથી સેવારત આવા શિક્ષકોના કાર્યની ઉચિત નોંધ લઇ,તેના કાર્યનો વંચિત વિસ્તારોમાં અમલ કરવામાં આવેતો શિક્ષણને વિદ્યાર્થીઓની મોટી સેવા થઈ ગણાશે.તંત્રની અમુક સંસ્થાઓ આ કાર્ય કરવાની સર્વથા ક્ષમતા ધરાવે છે...ઈચ્છીએ વહેલીતકે આવું સારું કામ થાય.

ગુજરાતમાં શિક્ષણક્ષેત્રે ઉત્તમોત્તમ કાર્ય કરનાર શિક્ષકોની સંખ્યા બહુ મોટી છે.પ્રાથમિક શાળાના પ્રાંગણમાં શિક્ષકનું સ્ટેચ્યુ હોય એવું ગુજરાતમાં જ જોવા મળે.પણ આ બધું ભૂતકાળની ભવ્યતામાં ભટકી છટકી,અટકી ન જાય તે જોવાનો સમય થાકીને પાકી ગયો છે.શિક્ષણના આવા ઉત્તમ ઉદાહરણ પ્રાથમિક વિભાગમાં જોવા મળે છે એમ અન્ય વિભાગોમાં પણ આવું કાર્ય થાય તે માટેના લાગતાવળગતા દ્વારા સઘન પ્રયાસો થવા જોઈએ. અથવાતો આવું કેમ થતું નથી તે જોવાની જવાબદારી કોઈએ લેવી પડે.અને તે માટે જ્યાંથી જે કરવું ઘટે તે કરવું પડે.અન્યથા શિક્ષણનો સૂરજ ઉજળો હોવા છતાંય ધૂંધળો ભાસશે !

છેલ્લે :

પારકા પાદરમાં, કોઈને આદર ને ચાદર આપતા પૂર્વે આપણે ઉઘાડા ન પડી જઈએ તે જોવું પડે !

શું તમારે બરબાદ થવું છે ? તો વાંચો, આ રહ્યા દસ ઉપાયો

મોરપીંછના રંગ
ડો. કનૈયાલાલ ભટ્ટ

આજનો યુવાવર્ગ સંપૂર્ણ બંધનોથી 'આબાદ' થઈને જીવવા ઈચ્છે છે. સ્વતંત્રતા ઈચ્છે છે. મૂક્ત રહીને પોતાની અભિવ્યક્તિ કરી રહ્યો છે. અને એ સારી વાત છે. પરંતુ આ આબાદી, આ સ્વતંત્રતા, મૂક્તિનો પંથ કેટલો લાંબો ચાલશે એની કોઈને ખબર નથી. કેમ કે દરેક વ્યક્તિ પોતાની આસપાસ એક પોતાનું વાતાવરણ પણ બનાવતી હોય છે અને એના પ્રમાણે એને એનું પરિણામ મળે છે. આજે હરકોઈને આબાદ તો થવું છે, સ્વતંત્ર થવું છે. પણ એ સ્થિતિએ પહોંચવા જે કરવું પડે એ કરીએ છીએ ખરા ? અને પછી રસ્તો મળે છે બરબાદીનો. અને એક વખત બરબાદીના રસ્તે પગરવ મંડાય છે પછી પાછા વળવું અશક્ય હોય છે. આ દૃષ્ટિએ આજની વર્તમાન સ્થિતિમાં કોઈપણ વ્યક્તિ સરળતાથી બરબાદ થઈ શકે છે. બરબાદ થવું એ કંઈ નાનીસૂની વાત નથી. અને એ પણ જાણીજોઈને. આપણે જાણતા હોઈએ છીએ કે આ કાર્ય કે પ્રવૃત્તિથી આપણે બરબાદ થવાના છીએ અથવા માતા પિતા કે શિક્ષક કે વડિલો ના કહે છતાંય આપણે એ કામ કરીએ અને બરબાદી તરફ જઈએ એ ખૂબ હિંમતનું કામ છે.

મિત્રો, ઘણા લોકો અસમંજસમાં હોય છે એમને ખૂબ જલદીથી બરબાદી તરફ જવું હોય છે. અને તેથી તેઓ અહી તહી ભટક્યા કરે છે. તેવા લોકો માટે આજે બરબાદ થવાની હું કેટલીક અગત્યની ટિપ્સ લઈને આવ્યો છું. જો આ ટિપ્સનો સાવધાની પૂર્વક અમલ કરશો તો તમને બરબાદ થતા કોઈ નહીં રોકી શકે. જરૂરી નથી કે માણસ દર વખતે વિકાસનું જ વિચારે, સિદ્ધિ મેળવવા જ પ્રયાસો કરે, આજે આપણી આસપાસ ઘણી એવી વ્યક્તિઓ પણ હશે કે તેઓ પોતાનું અને કદાચ પરિવારનું જીવન બરબાદ કરી રહ્યા હશે. જે લોકો અજાણતા આ રસ્તે હશે તેઓ તો સમજીને પાછા વળી જશે. પણ જેઓ જાણે છે કે પોતે બરબાદીના પંથે છે તેઓ માટે આ લેખ ખૂબ જ ઉપયોગી સાબિત થશે. કેમ કે તેમને બરબાદ થવામાં અહીં આપેલા કારણો ખૂબ ઉપયોગી થશે.

(૧) નકારાત્મકતાને કેળવો. – જીવનમાં સૌથી ખતરનાક ભાવ હોય તો એ નકારાત્મકતાનો ભાવ છે. સકારાત્મક બનવાથી સારા પરિણામો મળે છે પરંતુ જો આપણે બરબાદ થવું છે તો બધી જ વસ્તુમાં, સ્થિતિમાં હંમેશાં નકારાત્મક રહેવું. જેથી કોઈ સારા પરિણામો આપણી આસપાસ આવે જ નહીં. કોઈ પરીક્ષા આપો છો તો વિચારો કે ના ના... હું નાપાસ જ થવાનો છું, અને પછી પરીક્ષા આપશો તો ચોક્કસ નાપાસ થશો જ. અથવા તમે એમ પણ વિચારી શકો કે હું આ કામ ના કરી શકું, તો ખરેખર નહીં જ કરી શકો. અને પરિણામે તમને સારું પરિણામ નહીં મળે. અને તમે...

(૨) શંકાશીલ બનો. : મિત્રો, ''શંકા'' એ કોરોના વાયરસ કરતા યે વધારે ખતરનાક વાયરસ છે. જો એક વખત તમારા મનમાં એનો પ્રવેશ થઈ ગયો તો એ જીવનભર નથી નીકળતો, વળી એ સતત તમારા મનમાં, દિમાગમાં વિસ્તરતો રહે છે. જેથી બીજી કોઈ વાત તમારા માનસમાં જઈ શકતી જ નથી. કોઈની ઉપર તમે વિશ્વાસ નહીં રાખી શકો. તેથી જો તમે શંકાશીલ બનશો તો માત્ર તમે જ નહીં, તમારો આખો પરિવાર બરબાદ થઈ જશે. એની ખાત્રી છે.

(૩) ખૂબ સુવાની ટેવ પાડો. રોજના આઠ દસ કલાક રાત્રે અને બે ચાર કલાક બપોરે સુવાની ટેવ પાડો. સુવાથી સ્વાસ્થ્ય સારું રહે છે. ખૂબ સુવાથી તમને આરામ મળશે. અને તમારે જે કામ કરવાના હશે તે ટાઈમસર થશે નહીં. વળી વહેલા ઊઠવાથી જે સારા વિચારો આવે છે તેનાથી તમે બચી જશો. આમેય જીવન સમસ્યાઓથી ભરેલું છે. અને વધુ સુવાથી એટલો સમય સમસ્યાઓથી છૂટકારો મળે છે. સુઈ જવાથી દુઃખો ભૂલી જવાય છે. તેથી આપોઆપ બરબાદ થઈ જવાશે.

(૪). નવા સાહસોથી દૂર રહો - દુનિયાની મોટી મોટી સફળ હસ્તીઓ કહી ગઈ છે કે ભલે શરુઆતમાં અસફળતા મળે પણ જિંદગીમાં નવા નવા સાહસ કરતા રહો, એક દિવસ જરુર સફળતા મળશે. પણ આપણે ક્યાં સફળ થવું છે ? આપણે તો બરબાદ થવાનું છે. તેથી જીવનમાં ક્યારેય કોઈ જોખમ લેવાનું નહીં, નવું સાહસ કરવાનું નહીં. ભલે મકાનના કે કારના કે સ્કૂટરના કે ઉધારના હપ્તા ભરવા પડે. એ ભરીશું. જિંદગીમાં ગમે તેટલી મુશ્કેલીઓ આવે તેની સામે હાર સ્વીકારી લઈશું પણ જીતીશું નહીં. કેમ કે આપણે તો બરબાદ થવાનું છે. સફળ ભલે બીજા લોકો થાય.

(૫). સોશિયલ મીડિયાનો ખૂબ ઉપયોગ કરો. - જિંદગીનું, ભવિષ્યનું જે થવું હોય તે થાય પણ તમામ પ્રકારના સોશિયલ મીડિયાનો ઉપયોગ તો કરવાના જ. એક બે દિવસ જમ્યા વિના ચાલી શકે પણ નેટ વિના કેમ ચાલે ? મા બાપ કે ભાઈ બહેન સાથે ઘરમાં નહીં રહીએ તો ચાલશે પણ ફેસબૂક કે વૉટ્સપ ફ્રેન્ડ્સ સાથે તો રોજ ચેટિંગ કરવાનું જ, વાતો કરવાની જ. ગુગલ, યૂટ્યુબ ઉપર વિડીઓ જોવાના અને અપલોડ તથા ડાઉનલોડ પણ કરવાના જ. એના વિના તે કેમ ચાલે ? નોકરી ધંધાની જાહેરખબરો ભલે ધ્યાનમાં ના આવે, પરિક્ષાઓમાં ભલે નાપાસ થઈએ. પણ યૂટ્યુબ ઉપરના તમામ વિડીઓની, ગુગલની તમામ માહિતી અપગ્રેડ રાખવાની જ. કેમ કે આપણે જલદીથી બરબાદ થવાનું છે. આબાદ જેણે થવું હોય તે મહેનત કરે, પરિશ્રમ કરે, આપણે તો બંદા બરબાદ થઈને જ જંપીશું.

(૬). સમયને બરબાદ કરો – કોઈ વિદ્વાને કહ્યું છે કે સમયને તમે બરબાદ કરો એક દિવસ સમય તમને આપોઆપ બરબાદ કરી નાખશે. બસ, આપણે આ વાક્યને અનુસરવાનું. આજે સમય બરબાદીના કેટલા બધા માધ્યમો આપણી પાસે જ છે. મોબાઈલ. ટી.વી. ઈન્ટરનેટમાં માત્ર દિવસો કે મહિનાઓ જ નહીં વર્ષોના વર્ષો ક્યાં જતા રહે છે એની ખબર જ નથી પડતી. બાકી સમય બચે છે તો સુવામાં પસાર કરવાનો. પણ એનો સદઉપયોગ તો હરગીઝ નહીં કરવાનો. કેમ કે આપણે તો બરબાદ થવા માટે કમર કસી છે.

(૭) વડિલોનું કહેવું બિલકુલ ના માનો. - જો તમારા ઘરમાં તમારા માતા પિતા કે દાદા કે નાના કે મોટા ભાઈ બહેનો છે. તેઓ ભલે તમારા કરતા ઉંમરમાં, અનુભવમાં, અભ્યાસમાં આગળ હોય, ભલે એમને બધી ખબર પડતી હોય પણ એમની મફતની સલાહ ક્યારેય માનવી નહીં, કેમ કે આપણા હાથમાં મોબાઈલ છે. ગુગલ છે. બધી જ માહિતી એમાં છે જ. વડિલો પાસે ભલે દુનિયાભરનું જ્ઞાન રહ્યું. આપણે ગમે તેટલી ઠોકરો ખાઈશું પણ એમની વાત માનીશું તો નહીં. કેમ કે તેઓ હવે જુની પેઢીના છે અને આપણે ૨૧મી સદીના. ભલે બરબાદ થઈ જઈએ પણ માનીશું તો નહીં જ.

(૮) સપના નહીં, દિવાસ્વપ્ન જુઓ. – માત્ર સપના જોવાથી શું વળે ? બરબાદ થવા માટે તો દિવાસ્વપ્ન જોવા જોઈએ. જે ક્યારેય પુરા થવાના નથી. એવા દિવાસ્વપ્ન જોવાથી જીવનમાં અનેક નિષ્ફળતાઓ મળશે. લોકોમાં હાસ્યાસ્પદ બનશો. અને ધીમે ધીમે બરબાદીના રસ્તે પહોંચી જ જશો.

(૯) પરિવર્તન ના સ્વીકારો – ભલે પરિવર્તન પ્રકૃત્તિનો નિયમ છે. ભલે ને દર ચાર મહિને પ્રકૃતિ પોતાની જાતમાં પરિવર્તન લાવતી હોય, આપણે શું ? આપણે તો હંમેશાં જુની જ પરંપરામાં જીવીશું. આપણે સહેજેય બદલાઈશું નહીં. અને કદાચ મોટા પરિવર્તનો આવી ગયા તો ત્યારે જોઈ લઈશું. બાકી અત્યારે તો જે છીએ તે જ રહેવાના. જે નોકરી ધંધો ચાલે છે. તે જ કરીશું. સ્થિતિ સુધારીને શું કરવું છે ? આપણે તો બરબાદ થવું છે.

(૧૦) આવક કરતા જાવક વધારે રાખો. લોકો કહે છે કે જેટલું કમાઓ છો તેટલું વાપરી નાખો તો ઈશ્વર બીજું આપી દેશે. તો પછી ભવિષ્યની ચિંતા શા માટે કરવી ? આજે જલસા કરી જ લેવા જોઈએ. કાલ કોણે જોઈ છે ? તેથી આવક ભલે ગમે તેટલી ઓછી હોય પણ ઉછીના લઈને પણ ખર્ચા કરવા જોઈએ. જલસા કરવા જોઈએ. રૂપિયા નથી તો સગાસંબંધીઓ, મિત્રો કે આડોશી પાડોશી પાસેથી ઉછીના લઈને પણ જલસા કરો તમને બરબાદ થતા કોઈ રોકી નહીં શકે. આ ઉપરાંત હજી બીજા પણ કેટલાક લક્ષણો છે કે ઈર્ષાળુ બનો, કોઈને માફ ના કરો, નફરત કરો, જવાબદારી હંમેશાં બીજા ઉપર નાખો. મિત્રો સાથે છળ કરો, બધે ખોટું બોલો, કદી કોઈ પુસ્તકો ના વાંચો, કદી કાંઈ નવું શીખવું નહીં....મિત્રો, તાડના વૃક્ષો ભલે છાંયો નથી આપતા પણ કેટલા ઊંચા છે. એ કોઈને નમતા નથી. આપણે પણ કોઈને નમવું નહીં. તૂટી જવું પણ નમવું નહીં એ સિદ્ધાંત રાખી જીવવાનું. તો જ જલદીથી બરબાદ થઈ શકાય. આબાદ થવા માટે તો હજારો કારણો છે પણ બરબાદ થવા માટે તો આ દસ કારણો જ કાફી છે. એને અપનાવીશું તો આવનારા થોડા સમયમાં જ બરબાદ થઈ શકાશે.

ટી. નટરાજન : જમીનથી આસમાનની સફર!

રગ્ગળપાટ
અજય ઉપાધ્યાય

સાલ ૨૦૧૬...તામિલનાડુ પ્રીમીયર લીગની ડિંડીગુલ ડ્રેગન અને એલબર્ટ ટૂટી ટિમ વચ્ચેનો મેચ અને એમાં પણ મેચમાં આવી સુપર ઓવર...ઉત્તેજનાભરી પળો...અને સુપર ઓવરમાં બોલિંગ કરવા આવેલ બોલરે ફેંક્યા છ એ છ યોર્કર...દર્શકો અચંબિત...! કટ ટુ આઈપીએલ ૨૦૨૦... રોયલ ચેલેંજર બેંગલોર વર્સિસ સનરાઈઝર હૈદરાબાદ... સુપર બેટ્સમેન વિરાટ કોહલીને શોર્ટ બોલથી અચંબિત કરીને કોટઆઉટ કરતો એ જ બોલર... અગેન દર્શકો અને વિવેચકો અચંબિત.... કટ ટુ ઓસ્ટ્રેલીયા ઈન્ડિયા ત્રીજો વન ડે એટ કેનબરા... અગેન એ જ બોલર અને બોલિંગ એનાલિસિસ ૧૦ - ૧-૭૦-૨... વેઈટ વેઈટ હજુ આંકડાની અને એ બોલરની માયજાળ બાકી છે... ઈન્ડિયા ઓસ્ટ્રેલીયા વચ્ચેની ફર્સ્ટ ટી૨૦...ભારત જીત્યું અને એ બોલરની એનાલિસિસ ૪-૦-૩૦-૩. બીજી ટી ૨૦ અને એનાલિસિસ ૪-૦-૨૦-૨. ત્રીજી ટી ૨૦ અને એનાલિસિસ ૪-૦-૩૩-૧. ભારત ઓસીઝ સામે ટી ૨૦ શ્રેણી ૨-૧ થી જીતી ગયું. મેન ઓફ ધ સીરિઝ બનેલ પંડ્યાએ પોતાની ટ્રોફી અને કોહલીએ સીરિઝ ટ્રોફી આપી દીધી એ બોલર ને.....બીકોઝ બૂમરાહ, સામી જેવાની ગેરહાજરીમાં ડેબ્યુ વન ડે અને ત્રણેય ટી ૨૦ માં એણે કમાલ કરી બતાવી ઈનફેક્ટ ટી૨૦ માં તો એ લીડિંગ વિકેટટેકર બન્યો..... યસ યુ ગેસ્ડ રાઈટ પપનામ છે એનું થંગારાસુ નટરાજન યાની કી ટી. નટરાજન

ક્રિકેટમાં દર વર્ષે કોઈ ને કોઈ નવા સિતારાઓ ચમકતા હોય છે અને ઘણા ખોવાઈ પણ જતાં હોય છે પણ નટરાજનની વાત કઈક અલગ જ છે. અને એ એટલી અલગ છે કે ઊભરતા ક્રિકેટરોએ માટે આખીએ વાત જબરદસ્ત પ્રેરણાદાયી છે. ૧૯૯૧ માં ચેન્નઈથી ૩૦૦ કિમી દૂર નાના એવા ગામ ચિન્નાપામપટ્ટી માં પાંચ ભાઈ-બહેનોમાં મોટા એવા નટરાજનનો જન્મ થયો. માં ઘરની બાજુમાં જ ફાસ્ટ ફૂડનું નાનકડું પાર્લર ચલાવતી તો પિતા એક સમયે રેલ્વે સ્ટેશન પર કુલી અને બાદમાં સાડીના કારખાનામાં મજૂરી કરતાં જેને છોડીને અત્યારે પત્નીના ફાસ્ટ ફૂડ પાર્લરમાં કામ કરે છે. પણ કહેવાય છે ને કે ટેલેન્ટ અને મહેનતનો કોઈ જોડ નથી. એ તો પરિવારને નાના મોટા કામ કરીને મદદ કરતો હતો પણ એણે જોયું કે ક્રિકેટની લોકલ ટૂર્નામેંટમાં બેસ્ટ બોલર ને ઈનામમાં પૈસા મળે છે એ જોઈને ૨૦ વર્ષ પછી એણે બોલ હાથમાં લીધો. ઘરની પરિસ્થિતી અતિ ખરાબ પણ ક્રિકેટ છોડયું નહીં. ટેનિસ બોલથી આજુબાજુના એરિયાની ટુર્નામેંટ્સમાં ક્રિકેટ રમવાનું ચાલુ રાખ્યું. ગામમાં તો કોઈ એવી સુવિધાઓ હતી નહીં પણ એક દિવસ એક જિલ્લા કક્ષાના કોચ અને ચિન્નાપામપટ્ટી ક્રિકેટ ક્લબ ચલાવતા જયપ્રકાશની નજર નટરાજન પર પડી. એને નટરાજનમાં હીર દેખાયું. નટરાજનની બોલિંગ સ્પીડ અને એક્યુરસીથી અચંબિત જયપ્રકાશે નટરાજનના માતા-પિતાને સમજાવીને નટરાજનને પોતાના ખર્ચે એને કોચિંગ આપવાનું અને ડોમ